# શહેરમાં ઠંડી ઘટી અને ધુમ્મસ છવાયું

## સાંજના સમયે માર્ગો પર ધુમ્મસની હાજરીથી ચાલકો પરેશાન થયા : લઘુત્તમ તાપમાન ૧૭.૪ ડિગ્રી સે. નોંધાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં આજે ફરી એકવાર ઠંડીનું પ્રમાણ ઘટયું હતું. પરંતુ શુષ્ક વાતાવરણને પગલે શહેરમાં સાંજના સમયે ધુમ્મસ છવાતાં વાહનચાલકોને વાહન ચલાવવામાં તકલીફ પડી હતી. શહેરમાં આજે લઘુત્તમ તાપમાન ગઈકાલના મુકાબલે ૨ ડિગ્રી જેટલું વધીને ૧૭.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૩ ટકા જેટલું ઓછું નોંધાયુ હતું.

દિવાળીના તહેવાર પછી ગાંધીનગરના વાતાવરણમાં સતત ફેરફાર થતો જોવા મળી રહ્યો છે. જેમાં કયારેક ઠંડીનો અનુભવ તો કયારેક ગરમીનો અહેસાસ શહેરીજનોને થઈ રહ્યો છે. વળી, આ સંજોગોમાં આજે સાંજે વાતાવરણમાં ધુમ્મસનું પ્રમાણ પણ સારી એવી માત્રામાં જોવા મળ્યું હતું



અને સચિવાલય સહિત સરકારી કચેરીઓ છુટવાના સમયે ચ માર્ગ પર ધુમ્મસની અસર જણાતા વાહનચાલકોને વાહન હાંકવામાં તકલીફ પડી હતી. જો કે ધુમ્મસ વધુ ગાઢ ના હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી પરંતુ ધુમ્મસના કારણે સાંજના સમયે ઠંડીમાંથી રાહત મળી હતી. આજે શહેરમાં મહત્તમ તાપમાન ગઈકાલ જેટલું જ ૩૦.૪ ડિગ્રી નોંધાયું હતું પરંતુ લઘુત્તમ તાપમાન ગઈકાલના ૧૫.૪ ડિગ્રી સે. ના મુકાબલે ૧૭.૪ ડિગ્રી સે. નોંધાતા ઠંડીનું પ્રમાણ ઘટયું હતું. શહેરમાં ભેજનું પ્રમાણ પણ ગઈ કાલે સવારે જે ૬૯ ટકા નોંધાયું હતું તે આજે ઘટીને ૬૬ ટકા જોવા મળ્યું હતું. સાંજે વાતાવરણમાં ભેજ ૫૧ ટકા જેટલો રહેવા પામ્યો હતો જેને કારણે ધુમ્મસ છવાયું હોય તેવી શકયતા જોવાઈ રહી છે.

# શહેરમાં વિવિધ કક્ષાના નિકાલ હેઠળના ૪ હજાર સરકારી આવાસ તદન ખાલી

**શહેરમાં ૧૯ હજારથી વધુ સરકારી મકાનો : નવા આવસો બાંધવા માટે હજુ સાઇટ નક્કી થઇ નથી**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં ૧૯ હજારથી વધુ સરકારી આવાસો છે . જયારે આ પૈકી ૪૨ જેટલા મકાનોમાં હાલ કોઈ રહેતુ નથી. આ મકાનો નિકાલ હેઠળના છે. એકબાજુ રહેણાંકના મકાનો ખંડેર બની રહ્યા છે. રહેણાંકની દ્રષ્ટીએ આવાસો દિન પ્રતિદિન જોખમી બની રહ્યા છે. આવા સંજોગોમાં નવા મકાનો બાંધવા માટે સાઈટ નક્કી કરવાનો મુદો પણ છેલ્લા ૬ મહીનાથી ફુટબોલની જેમ ફંગોળાઈ રહ્યો છે. માર્ગ મકાન વિભાગ નવા મકાનો માટે સાઈટ નિયત કરવામાં પણ અસમંજસની સ્થિતિમાં છે. નવા આવાસો તૈયાર કરવા માટે સે-૬ માં સાઈટ પસંદ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જયારે નિકાલ હેઠળના મકાનોના અંતે હજુ પણ સેકટરોમાં તબક્કાવાર જોખમી મકાનો તોડવાની પ્રકીયા ચાલુ રહેતા તંત્રના ચોપડે આવાસ માટેની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે.

શહેરના સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસો છે. જયારે હાલની સ્થિતિએ શહેરમાં અંદાજિત ૧૯ હજારથી પણ વધુ મકાનો છે. વિવિધ કક્ષાના આ મકાનો પૈકી ૪ હજાર મકાનો નિકાલ હેઠળના હોવાથી તદન ખાલી છે. આ મકાનોમાં કોઈ રહેતુ નથી. સેકટરોમાં તબક્કાવાર નિકાલ હેઠળના જોખમી મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરમાં સરકારી આવાસના ૨૬૮૨ જેટલા બ્લોકમાંથી ૧૫ હજારથી વધુ મકાનોમાં કર્મચારીઓનો વસવાટ છે. જયારે ૪ હજાર જેટલા મકાનો રીનોવેશન તેમજ નિકાલ હેઠળના હોવાથી ખાલી કરાવી દેવાયા છે. હજુ પણ સેકટરોમાં આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા ચાલુ છે. બીજીતરફ શહેરમાં છેલ્લા ૬ મહીનાથી નવા આવાસો બાંધવાના મામલે સાઈટ નક્કી ન થતા કર્મચારીઓને મકાન ફાળવવાની યોજના પણ અટવાઈ છે. અલબત્ત એકબાજુ આવાસોની સંખ્યા ઘટતી જાય છે. જયારે નવા આવાસો તૈયાર કરવાના મામલે વિભાગ કક્ષાએથી ઝડપથી આયોજન થતુ નથી. સાઈટ પણ નક્કી થઈ શકતી નથી. જેના લીધે નવા મકાનો બાંધવાનુ કામ અટવાયુ છે. ત્યારે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે.

# મગફળીની ખરીદી બાદ બે-ત્રણ દિવસમાં ખેડૂતોને ચુકવણી શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ટેકાના ભાવે ખરીદાયેલ મગફળીનું ચુકવણુ બે-ત્રણ દિવસમાં આરંભી દેવાશે અને ઝડપથી આ કામગીરી આગળ વધશે.

આજે જિલ્લા કલેકટર લાંગાના અધ્યક્ષપદે મળેલ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં આ મુદો ચર્ચામાં આવતાં જ નાફેડના ઉપસ્થિત પ્રતિનિધિ દ્વારા આ વાત જણાવવામાં આવી હતી. ચૂકવણીની કામગીરી નાગરિક પુરવઠા નિગમ દ્વારા કરાશે.

જિલ્લામાં ૨૫૦થી વધુ ખેડૂતો દ્વારા ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવામાં આવેલ છે. રૂ. ત્રણ કરોડથી પણ વધુનું ચુકવણું કરવાનું થાય છે. આજ સુધીમાં ૬૫૦૦ ક્વીન્ટલથી વધુની ખરીદી ટેકાના ભાવે નાગરિક પુરવઠા નિગમ દ્વારા કરવામાં આવી છે.

આજની બેઠકમાં ખરીદવાની પ્રક્રિયા ઝડપી બને તે માટે પણ વિચાર વિમર્શ કરાયો હતો અને થોડોક વધુ સ્ટાફ ફાળવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, ખેતીવાડી વિભાગ, નાગરિક પુરવઠા નિગમના અધિકારીઓ, જિલ્લા પુરવઠા તંત્રના અધિકારીઓ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં આ વખતે ગત વર્ષની તુલનામાં ૧૨૦૦ હેક્ટર જેટલુ મગફળીનું વાવેતર વધુ થયુ હતુ. જોકે ચોમાસામાં ઓછો વરસાદ થયો હોવા છતાં ગત વર્ષ જેટલુ ઉત્પાદન સરેરાશ જળવાઈ રહેશે તેવો અંદાજ છે.

# બટાટાની ખેતીમાં ૩૦ ટકા જેટલો મોટો ઘટાડો થવાની ભીતિ

## રવિસીઝનની વાવણી માટે પ્રતિકૂળ હવામાન : સીમીત જળસ્ત્રોતોને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં બટાટાની ખેતી માટે ખેડૂતોમાં ત્રણથી પણ વધુ કારણોને લઈ ઉત્સાહનો અભાવ જોવા મળી રહ્યો છે અને ૩૦ ટકા જેટલુ વાવેતર ઘટવાનો ભય સેવાઈ રહ્યો છે.

હવામાનની પ્રતિકૂળતા, સિંચાઈ માટેની સુવિધા ઓછી તેમજ મોંઘુ બિયારણ એ મહત્વના કારણો ખેડૂતોમાં ચર્ચાઈ રહ્યા છે.

સામાન્યતઃ ૨૫મી નવેમ્બર સુધીમાં બટાટાની ખેતી સંપન્ન થઈ જતી હોય છે પરંતુ આ વખતે ઠંડીનો આરંભ પણ હજુ જોઈએ તેવો થયો નથી. દિવસ દરમ્યાન ગરમીનું પ્રમાણ જે જોવા મળી રહ્યુ છે તેનાથી ખેડૂતો ચિંતીત બન્યા છે.

આ ખેતી માટે જરૂરી પાણી આપવા માટે સિંચાઈની નહિવત્ સુવિધા તેમજ સુજલામ સુફલામની કેનાલો પણ ખાલીખમ પડી હોવાથી ખેડૂતો વધુ નિરાશ બન્યા છે. આ ઉપરાંત ચોમાસુ નબળુ રહેતાં જમીનમાં જે ભેજ દેખાવો જોઈએ તેનુ પ્રમાણ પણ ઓછુ હોવાથી ઉત્પાદન પર તેની વિપરીત અસરોનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે.

બટાટાનું બિયારણ પણ ગત વર્ષની તુલનામાં થોડુક મોંઘુ થયુ છે જેથી ખેડૂતોને હાલ તે પોષાય તેમ રહ્યુ નથી.

જિલ્લામાં રવિ સીઝનમાં અત્યાર સુધીમાં ૨ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં જ આ પાકનું વાવેતર થવા પામ્યુ છે. જો કે વાવેતર ૧૦મી સુધી લંબાશે અને સરેરાશ વાવેતર જળવાઈ રહેશે તેવી વાતો પણ બીજી તરફ થઈ રહી છે.

નવેમ્બર માસ પૂર્ણ થવા આવ્યો છતાં હજુ ઠંડીનો માહોલ જામતો નથી એટલે ખેડૂતો પણ રવિ સીઝનના વાવેતર માટે બહુ ઉત્સાહી જોવા મળતા નથી.

# ગોકુલપુરાના દબાણોની યાદી તંત્ર તૈયાર કરી રહ્યુ છે

**અગાઉ શહેરી વિસ્તારના ગામોમાં દબાણો દુર કરવા તંત્રએ અભિયાન હાથ ધર્યુ હતુ**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગોકુલપુરા ગામમાં દબાણોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જો કે હાલ દબાણો દુર કરવાની કોઈ વાત નથી.પરંતુ તંત્ર દ્વારા દબાણોની યાદી તૈયાર કરવામાં આવી રહી હોવાનુ ધ્યાને આવ્યુ છે. અગાઉ બોરીજમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે આગામી દિવસોમાં શહેરી વિસ્તારના ગામોમાં પણ દબાણો દુર કરવા માટે તંત્ર કક્ષાએથી આયોજન કરાશે.

ગાંધીનગર શહેરમાં પણ છેલ્લા કેટલાક સમયથી તબક્કાવાર દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં અગાઉ લારી ગલ્લાના દબાણો દુર કરાયા બાદ કાચા પાકા દબાણો દુર કરવા માટે પણ તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. સે-૨૪ સહીત શહેરના સેકટરોમાં દબાણો દુર કરવા માટે તંત્રએ ઝુંબેશ ઉપાડી હતી. જયારે શહેરના રહેણાંક વિસ્તારમાં પણ ધમધમતી કોર્મશિયલ દુકાનોને હેતુફેરના કિસ્સામાં સીલ કરવા સુધીના આકરા પગલા લેવાયા હતા. બીજીતરફ ગાંધીનગરના બોરીજ ગામમાં પણ દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન બે વાર પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયુ હતુ. ગાંધીનગર શહેર ઉપરાંત ગામોમાં પણ દબાણો દુર કરવા માટે તંત્ર કક્ષાએ સમયાંતરે કામગીરી હાથ ધરવામાં આવે છે.

જયારે હાલ ગોકુલપુરા ગામમાં દબાણોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં કેટલા દબાણો છે . તે અંગેનો રીપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જો કે હાલ દબાણો દુર કરવા માટે તંત્ર કોઈ હરકતમાં આવે તેમ જણાંવાયુ નથી. પરંતુ દબાણના મામલે તંત્ર કક્ષાએ યાદી તૈયાર કરવામાં આવી રહી છે.

# સહકારી સંઘના વ્યક્તિગત આજીવન સભ્યોમાંથી ડિરેક્ટર માટેની ચૂંટણી પ્રક્રિયા રદ કરાઈ

**બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટનો ચુકાદો આવ્યો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા સહકારી સંઘની ચૂંટણી નિયમાધીન કરવા તેમજ તેની મતદારયાદી પણ અપડેટ કરી પ્રસિદ્ધ કરાય તે જોવા બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટે ચુકાદો આપતાં ગુરૂવારે યોજાનાર ચૂંટણી પ્રક્રિયા રદ કરી છે. ગાંધીનગર જિલ્લા સહકારી સંઘના નોંધાયેલ વ્યક્તીગત આજીવન સભ્યોમાંથી બે ડિરેક્ટરોની ચૂંટણી પ્રક્રિયાને લઈ સભ્ય હિતેન્દ્ર પટેલે આ મામલે બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટમાંથી પહેલા મનાઈહુકમ અને બાદમાં આ ઓર્ડર મેળવતાં સહકારી જગતમાં સન્નાટો છવાઈ જવા પામેલ છે.

હિતેન્દ્ર પટેલ તેમની રજુઆતમાં જણાવ્યુ હતુ કે ૨૦૧૩ની સ્થિતિની મતદારયાદી આ ચૂંટણી માટે રાખવામાં આવી છે જે વાત યોગ્ય નથી. આ યાદીમાં ૧૨ થી પણ વધુ સભ્યોના અવસાન થયા છે એટલુ જ નહિ પરંતુ ૩ થી ૪ સભ્યો અમેરિકા અથવા વિદેશમાં સ્થાયી થયેલા છે.

તેમણે ફોર્મ ભરવાની, ચકાસણીની કામગીરી તેમજ ઉમેદવારી પત્ર પરત ખેંચવાની તારીખ એક જ દિવસ હોવાને લઈ પણ વાંધો લીધો હતો. જે ચૂંટણી પ્રક્રિયા ન્યાયીક અને નિષ્પક્ષતાપૂર્ણ થવી જોઈએ તે સામે શંકા ઉભી કરે છે એટલુ જ નહિ ચૂંટણીનું મતદાન પણ બીજા દિવસે જ યોજવાથી ઉમેદવારને ચૂંટણી માટે પ્રચાર કરવાનો સમય પણ મળતો નથી.

બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટે હિતેન્દ્ર પટેલની રજુઆતને ગ્રાહ્ય રાખી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં તેમજ ચૂંટણી પ્રક્રિયામાં તેના નિયમોનું પાલન થાય તે જોવા માટેના આદેશ કર્યા છે. આજે બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટમાંથી આવેલો આ ચુકાદો સહકારી જગતમાં ચર્ચાનો મુદ્દો બન્યો હતો એટલુ જ નહિ સહકારી ક્ષેત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થાને લઈ આ ચૂંકાદો આવ્યો હોવાથી તે રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાનો મુદ્દો બન્યો હતો.



રાષ્ટ્રીય તરણ સ્પર્ધા - અખિલ ભારતીય મુલ્કી સેવાની રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધા ગાંધીનગરમાં ચાલી રહી છે... દેશના વિવિધ રાજ્યના શ્રેષ્ઠ તરવૈયાઓ ભાગ લઈ રહ્યા છે... એક - એકથી ચઢિયાતા સ્પર્ધકોએ સ્પર્ધાને રોમાંચક બનાવી છે...

# શાળા-આરોગ્ય ચકાસણીમાં તમામ વિભાગો ટીમ બની કામ કરે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી અભિયાન એ માત્ર આરોગ્ય વિભાગનો કાર્યક્રમ નથી આ માટે વિભાગોએ સંકલનમાં રહી સહયોગ આપી આ અભિયાને પર્વ તરીકે ઉજવવામાં આવે તેવી તાકીદ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ કરી છે.

શાળા આરોગ્ય ચકાસણી અભિયાન અંગે જિલ્લાની સ્ટીયરીંગ કમિટીની આજે યોજાયેલ બેઠકમાં કલેક્ટરે આ તાકીદ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે દરેક ગામે કરાયેલ આયોજન પ્રમાણે કાર્યક્રમો યોજાય તે જરૂરી છે.

જિલ્લા કલેક્ટરે ગયા વર્ષે જે બાળકો ગંભીર બિમારીવાળા શોધી કાઢવામાં તંત્ર સફળ રહ્યુ છે તે બાળકોનું નિયમિત રીતે ફોલોઅપ

● અનુસંધાન પાન-૭ પર

# ગત વર્ષની સાપેક્ષમાં તહેવારો દરમિયાન વાહનોની ખરીદીમાં ઘટાડો

**નવરાત્રિ, દશેરા તેમજ દિવાળીના તહેવારોના ત્રણ માસમાં ગત વર્ષ કરતા ૭ હજાર વાહનો ઓછા ખરીદાયા : આર ટી ઓ ચોપડે માત્ર ૧૦૦૬૦ જેટલા વાહનો નોંધાયા**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં ગત વર્ષની સાપેક્ષમાં વાહનોની ખરીદીનો ગ્રાફ નીચે ગયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગત વર્ષ દરમિયાન નવરાત્રિ , દશેરા અને દિવાળી દરમિયાન થતી વાહન ખરીદીની સાપેક્ષમાં આ વર્ષે આર ટી ઓના ચોપડે ૭ હજાર જેટલા વાહનોની નોંધણી ઘટી છે. અલબત્ત વાહનોની ખરીદી ઘટી છે. વાહનોની ખરીદી ઘટવા પાછળ ટેક્ષ સહીત પેટ્રોલ ડિઝલના ભાવમાં વધારો પણ જવાબદાર છે.

આધુનિક યુગમાં વિવિધ પ્રકારની શોધ અને મોડીફીકેશનના લીધે ઓટોમોબાઈલની દુનિયામાં રોજબરોજ કાંઈક નવુ જોવા મળે છે. જયારે ભાગદોડ ભર્યા યુગમાં વાહનોનો ઉપયોગ પણ વિશેષ પ્રમાણમાં વધ્યો છે. જેના લીધે પ્રતિવર્ષ વાહનોના વેચાણમાં ઉછાળો જોવા મળે છે. ઓટોમોબાઈલ્સની દુનિયામાં પણ સેંકડો વાહનો ખરીદાય છે. પરંતુ ગત વર્ષની સાપેક્ષમાં સૌથી વધુ વાહનોની ખરીદી થતી હોય તેવા દિવસોમાં જ વાહનોના વેચાણમાં ઘટાડો થયો હોવાનુ ધ્યાને આવ્યુ છે .આર ટી ઓના ચોપડે નોંધાયેલી વિગત અનુસાર વર્ષ ૨૦૧૭ માં સપ્ટેમ્બર , ઓકટોબર અને નવેમ્બર દરમિયાન નવરાત્રિ , દશેરા અને દિવાળીના સારા દિવસોમાં શુભ મુહર્તને અનુલક્ષી ૧૭૧૩૦ વાહનો નવા ખરીદાયા હતા. જયારે ચાલુ વર્ષ દરમિયાન પણ વાહનોની વિશેષ ખરીદી થશે તેમ મનાઈ રહ્યુ હતુ. પરંતુ ગત વર્ષની સાપેક્ષમાં આ વર્ષે વાહનોની ખરીદીના મામલે નિરસતા જોવા મળી રહી છે. આ વર્ષ આ ત્રણ મહીના દરમિયાન કાર , ટુ વ્હીલર તેમજ લોડીંગ વાહનો સહીત ૧૦૦૬૦ જેટલા વાહનોનુ જ વેચાણ થયુ છે. આર ટી ઓના ચોપડે ૭ હજાર જેટલા વાહનોની નોંધણી ઘટી છે. મંદિરના મોજાના લીધે ડિલરો તેમજ ઓટોમોબાઈલ ક્ષેત્રના એજન્ટોનુ પણ મોં વંકાયુ છે. ટેક્ષ તેમજ ડિઝલ પેટ્રોલની વધતી કિંમતો પણ વાહનોના વેચાણના ઘટાડા પાછળ જવાબદાર છે. કારચાલકોમાં સી એન જી કીટના ફીટીંગનો આગ્રહ વધ્યો છે.


બેસણું



અમારા ધર્મ પત્ની ગંગાબેન ચીનુભાઈ પટેલ તા.26.11.2018 ને સોમવાર ના રોજ દેવલોક પામ્યા છે સદ્ ગત બેસણુ તા.29.11.2018 ગુરૂવારે સવારે 8 થી 11 કલાકે નીચેના સ્થળ પર રાખેલ છે.

સ્થળ:-રાધા કુષ્ન આશ્રમ હોલ ગામ નારદીપુર

લિ.ચીનુભાઈ હરીલાલ પટેલ 9998119721

હિતેશ કુમાર ચીનુભાઈ પટેલ-(પુત્ર)

ચિરાગ કુમાર હસમુખભાઈ પટેલ-(ભત્રીજો)

જીગ્નેશ કુમાર હસમુખભાઈ પટેલ-(ભત્રીજો)

(જલ હિતેશ કુમાર/હેંન્સ ચિરાગ કુમાર)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com